# નૂરના દરમાં ૧૦ ટકા વધારો





નવી દિલ્હી,તા. ૨૬

કોલસા, સિમેન્ટ, સ્ટીલ અને યુરિયાની કિંમતમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે રેલવેમંત્રી સુરેશ પ્રભુએ જુદી જુદી વસ્તુઓ માટે નુરના દરમાં ૧૦ ટકા સુધીનો વધારો બજેટમાં સુચવી દીધો છે. આજે સંસદમાં બજેટ રજૂ કરતી વેળા રેલવેમંત્રી સુરેશ પ્રભુએ બજેટ દરખાસ્તો રજૂ કરી હતી જેમાં ૧૨ કોમોડિટી માટે નુરના દરમાં ૦.૮ ટકાથી ૧૦ ટકા સુધીનો વધારો સુચવ્યો હતો. સિમેન્ટ, કોલસા, આયર્ન, સ્ટીલ, અનાજ અને કઠોળ, યુરિયા, મગફળી તેલ, એલપીજી, કેરોસીન માટે સૂચિત વધારો ક્રમશઃ ૨.૭, ૬.૩, ૦.૮, ૧૦, ૧૦, ૨.૧, ૦.૮ અને ૦.૮ ટકાનો વધારો સુચવવામાં આવ્યો છે. આવી જ રીતે લાઈનસ્ટોન, ડોલોમાઈટ, સ્પીડ ડીઝલ ઓઈલ માટેના રેટને ૦.૩ ટકા અને એક ટકા સુધી ઘટાડવામાં આવ્યા છે. રેલવે પ્રધાને બેઝનૂરના દરમાં ૧૦ ટકા સુધીનો વધારો કર્યો છે. યાત્રી ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી પરંતુ સુરેશ પ્રભુએ નૂરના દરમાં વધારો કર્યો છે. સુરેશ પ્રભુએ યાત્રી જરૂરિયાતો અને સંસ્થાના લાંબાગાળાના હિતોને સંતુલનમાં રાખવા મુજબ પગલા લીધા છે. પ્રભુએ કહ્યું હતું કે, રેલવે યાત્રી ભાડામાં કોઈ વધારો કરવામાં આવી રહ્યો નથી પરંતુ સ્વચ્છતા સહિત યાત્રી સુવિધાઓમાં સુધારા પર ધ્યાન આપી રહ્યા છે. છેલ્લા થોડાક દશકોથી રેલવેની સુવિધામાં નોંધપાત્ર સુધારો કરાયો નથી જેના પરિણામ સ્વરુપે મૂડીરોકાણ ઘટ્યું છે. તેની ક્ષમતાને અસર થઈ છે. નૈતિકતામાં ઘટાડો થયો છે. રેલવેની ઉપયોગિતા તરફ ધ્યાન અપાયું નથી. સુરક્ષા, ક્વાલિટી, ધારાધોરણ જેવી બાબતો નિરાશાજનક રહી છે. આ તમામ બાબતો તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાંથી રાજકારણી બનેલા અને વડાપ્રધાન મોદી દ્વારા ખાસ રીતે રેલવેમંત્રીની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ સુરેશ પ્રભુ રેલવેની સ્થિતિને સુધારવા માટે મક્કમ દેખી રહ્યા છે. અગાઉ પ્રભુએ ભારતીય રેલવે પર શ્વેતપત્ર રજૂ કરીને કહ્યું હતું કે, ઘણી બધી બાબતો તરફ ધ્યાન આપવાની જરૂર છે. વિશ્વમાં સૌથી મોટા નેટવર્કને ધ્યાનમાં લઈને તેઓ બજેટ રજૂ કરવા ઈચ્છુક છે. રેલવે નૂરના દરમાં વધારો કરવામાં આવ્યા બાદ ઘણી બધી ચીજો મોંઘી થશે. નુરના દળો પહેલી એપ્રિલથી અમલમાં આવશે. વધારાના સંશાધનો આના લીધે ઉભા થશે. આયાતમાં વધારો થઈ રહ્યો છે અને માંગ ઘટી રહી છે ત્યારે આ સ્થિતિ જટિલ બની શકે છે. સરકાર તેની વાર્ષિક નૂર લઈ જવાની ક્ષમતા એક અબજ ટનથી વધારીને ૧.૫ અબજ ટન કરવા ઈચ્છુક છે. પ્રભુએ કહ્યું હતું કે, વિસ્તરણની પ્રક્રિયા ક્યારે પૂર્ણ થશે તે બાબત મહત્વપૂર્ણ છે. કોલસા પરિવહનના રેટમાં ૬.૩ ટકાનો વધારો થયો છે જ્યારે આર્યન ઓર અને સ્ટીલ માટે ૦.૮ ટકાનો વધારો થયો છે. યુરિયા અને અનાજના પરિવહન માટેનો ચાર્જ ૧૦ ટકા વધશે.

## રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ પ્રથમ બજેટ રજૂ કર્યુ

### રેલવે બજેટ : હાઈલાઈટ્સ

નવી દિલ્હી,તા. ૨૬

રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આજે રેલવે બજેટ રજુ કરતીવેળા શ્રેણીબદ્ધ યાત્રીલક્ષી સુવિધાઓની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે એકબાજુ યાત્રી ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો કરાયો નથી. જેના લીધે યાત્રીઓ ઉપર કોઈ બોજ લદાયો નથી. ઉપરાંત લાંબા સમયથી જેની માંગ કરવામાં આવતી હતી તે ટીકીટ બુક કરાવવા માટેના ગાળાને પણ વધારી દેવાયો છે. હવે ચાર મહિના પહેલા ટીકીટ બુક કરાવી શકાશે. આના પર એજન્ટ પર અંકુશ મુકી શકાશે. આ ઉપરાંત સામાન્ય લોકોને રાહત મળે તે માટે તેમની સુવિધા ઉપર ભાર મુકાયો છે.

- રેલવે યાત્રી ભાડામાં કોઈ વધારો કરવામાં ન આવ્યો
- બજેટમાં કોઈ નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી નથી
- સુરક્ષા ફરિયાદો માટે ટોલ ફ્રી નંબર ૧૮૨ શરૂ કરવામાં આવી
- પહેલી માર્ચ ૨૦૧૫થી ઓલ ઈન્ડિયા ચોવીસ કલાકની હેલ્પલાઈન ૧૩૮ના બદલે નવી હેલ્પલાઈન નંબર
- આદર્શ સ્ટેશન સ્કીમ હેઠળ ૨૦૦ વધુ સ્ટેશનોને આવરી લેવાશે
- બી કેટેગરીના સ્ટેશનો પર વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવાશે
- પસંદગીના ભોજન માટે ભોજન પસંદગી માટે ઈ-કેટરીંગની સુવિધા
- યાત્રીઓની તકલીફ અને સુરક્ષા સંબંધિત ફરિયાદો માટે ૨૪ કલાકની હેલ્પલાઈન
- પસંદગીની ટ્રેનોમાં મહિલા સુરક્ષા માટે વિશેષ ભાર મુકાયો
- ટ્રેનોમાં મહિલા ડબ્બામાં સીસીટીવી કેમેરા ગોઠવાશે
- ચોક્કસ ટ્રેનોમાં વધારાના જનરલ ક્લાસના ડબ્બાઓ ઉમેરાશે
- નવ રેલવે કોરિડોરની ગતિ ૧૬૦થી ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની કરાશે
- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્ટેશન અને ટ્રેનોની સાફ સફાઈ માટે અલગ વિભાગ રચાશે
- આગામી પાંચ વર્ષમાં રેલવેમાં ૮.૫૦ લાખ કરોડનું રોકાણ
- યાત્રીઓની સુવિધા માટે ૬૭ ટકા વધુ ફંડની ફાળવણી
- એસપીવી અને પાર્ટનરશીપ મારફતે રેલવે વધારાના નાણા ઉભા કરશે
- ખાનગી સંસ્થાઓને વેસ્ટ ટુ એનર્જી રૂપાંતર પ્લાન્ટ સ્થાપિત કરવા કહેવાશે
- ગરીબી નાબૂદીમાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે
- રેલવેના નિરાશાજનક માળખા માટે પુરતું ધ્યાન નહીં આપવાની બાબત જવાબદાર રહી છે
- પાંચ વર્ષમાં રેલવેના નક્શાને સંપૂર્ણપણે બદલી નખાશે
- ટ્રેક ક્ષમતાને ૧૦ ટકા વધારીને ૧.૩૮ લાખ કિમી લઈ જવાશે
- કોસ્ટલ કનેક્ટિવિટી પ્રોગ્રામ માટે ૨૦૦૦ કરોડ
- આ વર્ષ ૧૨૦૦ કિલોમીટરની નવી લાઈનો બિછાવાશે
- માનવ વગરના લેવલ ક્રોસિંગ પર સુરક્ષા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા ઈસરો, આરડીએસઓ, આઈઆઈટી કાનપુરની મદદ લેવાશે
- નવ હાઈસ્પીડ કોરિડોરની જાહેરાત કરવામાં આવી
- મુંબઈ-અમદાવાદ ફાસ્ટ ટ્રેન ફિઝિબિલિટી અભ્યાસ પર કામ ઝડપી બનાવાયું છે
- ટ્રેનના આવવા-જવાની સર્વિસ માટે એસએમએસ એલર્ટની સુવિધા
- ટિકિટ બુક કરાવવા માટેનો ગાળો ચાર મહિનાનો કરવામાં આવ્યો
- રેલવેને અસરકારક બનાવવા ચાર મુદ્દાનો કાર્યક્રમ છે જેમાં યાત્રી અનુભવ, સુરક્ષિત યાત્રા, સારી સુવિધા અને આત્મનિર્ભરતાનો સમાવેશ થાય છે
- ૧૭ હજાર વધુ ટોયલેટનું નિર્માણ કરાશે
- ઈ-ટિકિટિંગની સુવિધાથી તમામ કામ પેપરલેસ થશે
- વિકલાંગ નાગરિકો, સિનિયર સિટિઝનો અને દર્દીઓ માટે આઈઆરસીટીસી મારફતે વધુ સુવિધા
- ૪૦૦ સ્ટેશનો ઉપર વાઈ-ફાઈની સુવિધા ઉભી કરાશે
- લાંબાગાળાના ફાયનાન્સિંગ અને કનેક્ટિવિટીને સુધારવા ખાનગી ભાગીદારીને મહત્વ
- ડિફેન્સ ટ્રાવેલ સિસ્ટમને વધુ સરળ કરાશે
- ૧૦૦૦ કરોડના નિર્ભયા ફંડની રકમ હજુ પડેલી છે જેનો ઉપયોગ મહિલા સુરક્ષા માટે કરાશે
- ઘણી બધી ભાષામાં ઈ-ટિકિટિંગ ઉપલબ્ધ થશે
- ભોજન માટે ઓનલાઈન પ્રિ ઓર્ડરિંગ આપી શકાશે
- ડેબિટ કાર્ડની મદદથી ટિકિટ ખરીદી શકાય તે માટે સ્ટેશનો ઉપર વિશેષ મશીનો મુકાશે
- રેલવે સ્ટેશનથી બહાર સુધી પીક એન્ડ ડ્રોપ ફેસિલિટી ઉભી કરાશે
- દેશના વિકાસમાં રેલવેની ભૂમિકાને વધારાશે
- તમામ બાબતો ઝડપથી પુરી થશે નહીં
- સુવિધાઓને સુધારવા માટે ખાસ ભાર મુકવામાં આવનાર છે
- તમામ સુધારાઓ તરફ ખાસ ધ્યાન મુકાશે
- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ તેમનું પ્રથમ રેલવે બજેટ રજૂ કર્યું
- યાત્રીઓની ચકાસણી માટે ટીટીઈ પાસે આઈપેડ રહેશે
- ટ્રેનમાં યાત્રીઓના મનોરંજન માટે નવા પ્રોજેક્ટ હાથ ધરાશે
- સ્લીપર ક્લાસના કોચમાં પણ નવી સુવિધાઓ ઉમેરાશે
- ૬૫૦ વધારાના સ્ટેશનો ઉપર નવા ટોયલેટ બનાવાશે
- ડિસ્પોઝેબલ બેડરોલના ઓનલાઈન બુકિંગ થશે
- ઓપરેશન ફાઈવ મિનિટ નામથી નવા ટિકિટનું વેચાણ કરાશે
- બેંક મારફતે રિફંડની ક્રેડેટિંગની સુવિધા ઉભી કરાશે

## હાલ મુંબઈ-અમદાવાદ ફાસ્ટ ટ્રેન ફિઝિબિલિટી અભ્યાસ કામ જારી

નવી દિલ્હી,તા. ૨૬

લોકોની અપેક્ષાઓને ધ્યાનમાં રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ યાત્રી ભાડામાં કોઈપણ પ્રકારના વધારા કર્યા નથી. વર્ષ ૨૦૧૨-૧૩ પહેલા ૧૦ વર્ષ સુધી રેલવે યાત્રી ભાડામાં કોઈ વધારો કરાયો ન હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, મુંબઈ-અમદાવાદ ફાસ્ટ્ ટ્રેન ફિઝિબિલિટી અભ્યાસ પર કામ ઝડપી બન્યું છે. સાથે સાથે પાંચ વર્ષમાં રેલવેના ચિત્રને બદલી દેવામાં આવશે. ૧૦ ટકા સુધી ટ્રેક ક્ષમતાને વધારાશે. તત્કાલિન રેલવે પ્રધાન અને તૃણમુલ કોંગ્રેસના નેતા દિનેશ ત્રિવેદીએ ૨૦૧૨-૧૩માં ભાડામાં વધારાની જાહેરાત કરી હતી પરંતુ સેકન્ડ અને સ્લીપર ક્લાસના વર્ગમાં વધારાને પરત ખેંચી લેવાની ફરજ પડી હતી. ત્યારબાદથી યાત્રી ભાડામાં વધારો કરાયો છે પરંતુ ગયા વર્ષે જુલાઈ મહિનામાં મોદી સરકારના પ્રથમ રેલવે બજેટ પહેલા ભાડામાં ૧૪.૨ ટકાનો અને નૂરના દરમાં ૬.૫ ટકાનો વધારો કરાયો હતો. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ તેમના બજેટ ભાષણમાં ચાર મુખ્ય બાબતોનો ઉલ્લેખ કર્યો હતો જેના ભાગરુપે પ્રવાસને વધુ સુરક્ષિત બનાવવા, રેલવેના આધુનિકીકરણ ઉપર ભાર મુક્યો છે. રેલવેને આત્મનિર્ભર બનાવવા ઉપર પણ ભાર મુકાયો છે. ભારતીય રેલવે માટે તેમના વિઝનને રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, તેમની સરકાર ભારતીય રેલવેનો ફરી જન્મ કરી શકે છે. અમને આ પાકો વિશ્વાસ છે. રેલવે નરેન્દ્ર મોદી સરકારની ગરીબી નાબૂદીની મહત્વકાંક્ષી યોજનામાં ચાવીરુપ ભૂમિકા અદા કરી શકે છે. રેલવે બજેટમાં ઘણી બધી જાહેરાતો કરતી વેળા તેમણે કહ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં ૮.૫૦ લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે. રેલવે દ્વારા યાત્રી સુવિધાઓને ૬૭ ટકા વધુ ફંડની ફાળવણી કરે છે. કોસ્ટલ કનેક્ટિવિટી પ્રોગ્રામ માટે ૨૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ૧૨૦૦ કિલોમીટરની નવી રેલવે લાઈનો આ વર્ષે બિછાવવામાં આવશે. માનવ વગરની લેવલ ક્રોસિંગ ખાતે સુરક્ષા માટે ઈસરો, આરડીએસઓ, આઈઆઈટી કાનપુરની મદદ લેવાશે. અમદાવાદ-મુંબઈ ફાસ્ટ ટ્રેન ઉપર ફિઝિબિલિટી અભ્યાસની કામગીરી ઝડપી જારી છે જે અંગે ટૂંકમાં જ રિપોર્ટ મળશે.

## ચાર મહિના પહેલા મુસાફરો હવે ટિકિટ બુક કરાવી શકશે

નવી દિલ્હી,તા. ૨૬

યાત્રીઓને ખુશી થાય તેવા ઘટનાક્રમમાં સુરેશ પ્રભુએ તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે, રિઝર્વ ટિકિટ બુકિંગ માટે બુકિંગ વિન્ડોની સુવિધા વધારવામાં આવી રહી છે. હવે ચાર મહિના એડવાન્સમાં ટિકિટની બુકિંગ થઈ શકશે. ૧૨૦ દિવસ પહેલા ટિકિટ બુકિંગ યાત્રીઓ કરાવી શકશે. હાલમાં આ ગાળો ૬૦ દિવસનો છે. જેને વધારીને ૧૨૦ દિવસનો કરવામાં આવી રહ્યો છે. પ્રભુએ યાત્રી લક્ષી શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. વધુ જનરલ કોચ માટેની પણ જાહેરાત કરી હતી. યાત્રીઓના અનુભવને સરળ અને શાનદાર બનાવવા પ્રભુએ કહ્યું હતું કે, યાત્રી સુવિધા માટે ફાળવણી ૬૭ ટકા સુધી વધારવામાં આવી છે. યાત્રી આરામદાયક પ્રવાસ કરે તે માટે ટિકિટ બુકિંગનો સમય વધારીને તેમની અડચણો દૂર કરી રહ્યા છે. યાત્રી ટિકિટ સરળતાથી મળી શકે તેવી જોગવાઈ કરાઈ રહી છે. અનરિઝર્વ યાત્રી ટિકિટ પાંચ મિનિટની અંદર થઈ શકશે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, મોટા સ્ટેશનો ઉપર લિફ્ટ અને સિડીઓ સ્થાપિત કરવા માટે ૧૩૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. વધુ જનરલ કોચ યાત્રીઓની સુવિધા વધારવા માટે કરવામાં આવશે. નવ હાઈસ્પીડ કોરિડોરની જાહેરાત કરી હતી. સ્વચ્છ ભારત અભિયાનની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ૧૭૦૦૦ વધુ ટોયલેટ સ્થાપિત કરવામાં આવશે. મોટી પહેલ તરીકે સાફસફાઈને મહત્વ અપાશે.

## રેલવે બજેટથી કોંગી ભારે ખફા : ભાજપ સભ્યો ખુશ


નવી દિલ્હી,તા. ૨૬

રેલવે બજેટના સંદર્ભમાં ભાજપ અને કોંગ્રેસે તથા અન્ય પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયા આપી હતી. એક બાજુ ભાજપ અને એનડીએના સાથી પક્ષોએ બજેટને લઈને ખુશી વ્યક્ત કરી હતી. જ્યારે કોંગ્રેસે બજેટને લઈને નિરાશા વ્યક્ત કરી હતી. કોંગ્રેસના સભ્યોએ કહ્યું હતું કે, બજેટમાં કોઈપણ બાબત નવી નથી. કોંગ્રેસના પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, સુરેશ પ્રભુની સુધારાલક્ષી વિચારધારાનું તેઓ સન્માન કરે છે પરંતુ આ બજેટ સરેરાશ બજેટ કરતા ઓછું નબળું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, રેલવેના આધુનિકીકરણ માટે જંગી મૂડીરોકાણની જરૂર છે. પ્રભુએ એવી બાબતનો ઉલ્લેખ કર્યો નથી કે નાણા ક્યાંથી આવશે. કોંગ્રેસના નેતા રાજીવ શુક્લાએ કહ્યું હતું કે, બજેટમાં યાત્રી ભાડામાં ઘટાડાની અપેક્ષા હતી. કોઈ નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી નથી. જનતાદળ યુનાઈટેડના નેતા પવન વર્માએ કહ્યું છે કે, રેલવે બજેટ ૨૦૧૫ માત્ર એક નિવેદન તરીકે છે. આમા યોજનાઓને કઈ રીતે પૂર્ણ કરાશે તેનો કોઈ ઉલ્લેખ નથી. તૃણમુલ કોંગ્રેસના સાંસદ દિનેશ ત્રિવેદીએ કહ્યું હતું કે, સામાન્ય ટિપ્પણી સામાન્ય બજેટને વાંચ્યા વગર કરી શકાય નહીં. આ એકમાત્ર વિચાર છે. એલજેપીના સાંસદ ચિરાગ પાસવાને કહ્યું હતું કે, આ ઈનોવેટિવ બજેટ છે. ક્રાંતિકારી બજેટ હોવાની વાત કરતા ભાજપના નેતા અને પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, વડાપ્રધાન મોદીની દૂરદર્શિતા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આ લોકલક્ષી બજેટ છે.

## ઓલ ઈન્ડિયા હેલ્પલાઈન ૧૩૮ માર્ચમાં અમલી થશે

નવીદિલ્હી,તા. ૨૬

તેમનું પ્રથમ રેલવે બજેટ રજૂ કરતા રેલવેમંત્રી સુરેશ પ્રભુએ આજે ૨૪ કલાકની હેલ્પલાઈનની જાહેરાત કરી હતી જેના ભાગરુપે ઓલ ઈન્ડિયા હેલ્પલાઈન ૧૩૮ માર્ચથી અમલી બનશે જ્યારે ટોલ ફ્રી નંબર ૧૮૨ સુરક્ષા ફરિયાદો માટે અમલમાં આવશે. પાંચ વર્ષમાં રેલવેમાં ૮.૫ કરોડનું રોકાણ કરાશે. ભારતીય રેલવે માટે તેમના વિઝનની રજૂઆત કરતા પ્રભુએ કહ્યું હતું કે, ઘણા હેતુ રહેલા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારતીય રેલવેને નવેસરથી આખરીઓપ આપવામાં આવશે. સંસદમાં રેલવે બજેટ રજૂ કરતી વેળા પ્રભુ ટ્રેક રિન્યુઅલ, માનવ રહિત રેલવે ક્રોસિંગની નાબૂદી અને અન્ડરબ્રિજ અને રોડ



ઓવરબ્રિજના નિર્માણ માટે નવી જાહેરાતોની વિસ્તારપૂર્વક વાત કરી ન હતી પરંતુ તેમણે કહ્યું હતું કે, જ્યારે માનવીય વગરના ક્રોસિંગ છે ત્યા અકસ્માતોને ટાળવા માટે અલાર્મ સિસ્ટમ મુકવામાં આવશે જેથી અકસ્માતોને ટાળી શકાશે. આ ઉપરાંત આગની ઘટનાઓને ટાળવા માટે ડબ્બાઓમાં એલાર્મ સિસ્ટમ મુકવામાં આવશે. રોડ અન્ડરબ્રિજ અને રોડ ઓવરબ્રિજ માટે નવી જોગવાઈ કરવામાં આવી નથી પરંતુ આના ઉપર વિશેષ ભાર મુકવામાં આવનાર છે. રેલવેની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. પ્રધાન કહી ચુક્યા છે કે ભારતીય રેલવે ૩૦૩૪૮ લેવલ ક્રોસિંગ ધરાવે છે જે પૈકી ૧૧૫૬૩ માનવ રહિતના છે. દરેક માનવ રહિત રેલવે ક્રોસિંગને વિસ્તારપૂર્વક ચકાસણી કરી તેના ઉપર અભ્યાસ કરાશે.

## ૨૦૦ સ્ટેશનોને આદર્શ સ્ટેશન સ્કીમમાં મુકાશે

નવી દિલ્હી,તા. ૨૬

રેલવે બજેટ રજૂ કરતી વેળા રેલવેમંત્રી સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, આદર્શ સ્ટેશન સ્કીમ હેઠળ ૨૦૦ વધુ સ્ટેશનોને આવરી લેવામાં આવશે. બી કેટેગરીના સ્ટેશનો ઉપર વાઈ-ફાઈની સુવિધા ગોઠવવામાં આવનાર છે. આ ઉપરાંત જનરલ કોચમાં પણ મોબાઈલ ફોન ચાર્જ થઈ શકે તે માટેની સુવિધા ગોઠવવામાં આવશે. ૨૦૦ સ્ટેશનોને આવરી લેવા પાછળ ઘણા હેતુ રહેલા છે. લોકો ઘણા સમયથી વાઈ-ફાઈની સુવિધાની માંગ કરી રહ્યા હતા. આ માંગ તેમની સ્વીકારી લેવામાં આવી છે. આનાથી યાત્રીઓ વધુ અપડેટ રહી શકશે. રેલવે મંત્રીની આ જાહેરાતને લોકલક્ષી ગણવામાં આવે છે.

## બજેટ દૂરગામી અને વિકાસલક્ષી હોવાનો વડાપ્રધાન મોદીનો દાવો

નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫ના રેલવે બજેટને ભારતીય રેલવે બજેટ માટે ઐતિહાસિક ફળ તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ રેલવે બજેટ ભવિષ્ય તરફ નજર કરનાર દુરગામી બજેટ છે. આ બજેટ યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યું છે. રેલવે બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ મોદીએ ટ્વિટર પર કહ્યું હતું કે, રેલવે બજેટ ૨૦૧૫ ભવિષ્ય તરફ નજર કરનાર બજેટ છે અને યાત્રી લક્ષી છે. આમા સ્પષ્ટ દૃષ્ટિકોણ છે. આને હાસલ કરવા માટે નિશ્ચિત યોજના પણ રહેલી છે. રેલવે બજેટ ૨૦૧૫ રેલવે માટે ઐતિહાસિક છે. આમા રેલવેના કોચ અને ટ્રેનને લઈને હવે રેલવે સુધારાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે આદર્શ ફેરફાર છે. નવ હાઈસ્પીડ ટ્રેન, વર્તમાન ટ્રેનોની ગતિમાં વધારો, ૪૦૦ રેલવે સ્ટેશનો પર વાઈ-ફાઈની સુવિધા, ઉપરના બર્થ પર જવા માટે યાત્રીઓ માટે યોગ્ય સીડીઓ, બિનરિઝર્વેશન ટિકિટ માટે સરળ નિયમો, ૧૭૦૦૦ શૌચાલયો, પૂર્વોત્તરમાં સારી રેલવે સુવિધા, મહિલા યાત્રીઓની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા મુખ્ય બાબત છે. મોદીએ બજેટની પ્રશંસા કરતા કહ્યું છે કે, રેલવે બજેટ સામાન્ય લોકોની જરૂરિયાતો ઉપર આધારિત છે. કારણ કે રેલવે પ્રધાને યાત્રી ભાડામાં કોઈ ફેરફાર કર્યો નથી. તેઓ ખુબ જ ખુશ છે કે, પ્રથમ વખત ટેકનોલોજી સુધાર અને રેલવેના આધુનિકીકરણને લઈને મજબૂત દૃષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે.

રેલવેની ગતિ, સુરક્ષા અને સેવાને યોગ્ય સ્તર પર રાખીને લોકો ઉપર ધ્યાન અપાયું છે. ભારતના વિકાસમાં મુખ્ય ભૂમિકા અદા કરવા માટે બજેટમાં સ્પષ્ટ રૂપરેખા રજૂ કરાઈ છે.

## ૯૬૧૮૨ કરોડના ૭૭ નવા રેલવે પ્રોજેક્ટોને લીલીઝંડી

નવીદિલ્હી,તા. ૨૬

૭૭ નવા રેલવે પ્રોજેક્ટોની જાહેરાત કરતા રેલવે મંત્રી સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, આ નવા રેલવે પ્રોજેક્ટ ૯૬૧૮૨ કરોડના છે. ડબલ, ત્રિપલ, ચાર લાઈનના આ પ્રોજેક્ટો રહેલા છે. પ્રભુએ કહ્યું હતું કે, ૭૦૦૦ કિલોમીટર ટ્રેક ઉપર કામગીરીને મંજુરી અપાઈ છે. ૮૬૮૬ કરોડના રોકાણ સાથે ૨૦૧૫-૧૬માં ૧૨૦૦ કિલોમીટરનું નિર્માણ કરાશે. તેમણે કહ્યું હતું કે, આ અંદાજપત્રીય ફાળવણી મૂડી હેઠળ ૨૦૧૪-૧૫ કરતા ૮૪ ટકા વધારે છે. અમે ૮૦૦ કિલોમીટર ગેજરૂપાંતરણનો ઈરાદો ધરાવી છીએ અને ૯૬૧૮૨ કરોડના કુલ ખર્ચમાં વિજળીકરણની સાથે સાથે ડબલિંગ, ત્રિપલિંગ અને ચાર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે. ૨૦૧૩-૧૪માં મંજુર કરવામાં આવેલી રકમની દૃષ્ટિએ આ રકમ વધારે છે. પ્રભુએ કહ્યું છે કે, હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટો માટેની પ્રાથમિકતા નક્કી કરવામાં આવી રહી છે.

## ટ્રેક ક્ષમતાને ૧૦ ટકા સુધી વધારવાનો ઉદ્દેશ

નવી દિલ્હી,તા. ૨૬

પાંચ વર્ષમાં ભારતીય રેલવે ટ્રાન્સફોર્મેશન મારફતે પસાર થશે. રેલવેમંત્રી પ્રભુએ કહ્યું હતું કે, અમે ટ્રેક ક્ષમતાને ૧૦ ટકા સુધી વધારીને ૧.૩૮ લાખ કિલોમીટર સુધી લઈ જઈશું. પ્રભુએ કહ્યું હતું કે, પાંચ વર્ષમાં ૮.૫ કરોડનું રોકાણ કરવામાં આવશે. એસપીવી, પાર્ટનરશિપ મારફતે નાણા ઉભા કરાશે. ખર્ચ ઉપર અંકુશ મુકવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન તરફ આગળ વધવા માટે ૧૭૦૦૦ વધુ ટોયલેટોનું નિર્માણ કરાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારતીય રેલવે વધુ લોકલક્ષી બને અને દેશના વિકાસમાં ભૂમિકા ભજવે તે જરૂરી છે. બજેટ રજૂ કરવામાં આવે તે પહેલા જ બજેટને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, મૂડીરોકાણ માટે રેલવે રેવન્યુનો હિસ્સો વધારવામાં આવશે. પ્રભુએ બજેટ રજૂ કરતી વેળા યાત્રી ભાડામાં કોઈ ફેરફાર કર્યા ન હતા.

## સમાચાર ઝલક

- નર્મદા જિલ્લામાં મોડી રાત્રે ભુકંપના આંચકા અનુભવાયા.
- શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુ વિરોધી ઉકાળો પીવડાવાશે.
- ગુજરાતભરમાં બારીના સળીયા વાળી સગીર બાળકો પાસે ચોરી કરાવતી ગેંગ ઝડપાઈ.
- રાજકોટમાં રવિવારથી વૈશ્વિક સ્તરનો એગ્રીટેક કૃષિ મેળો યોજાશે.
- પૂ. મોરારી બાપુના તલગાજરડામાં અસ્મિતા પર્વ નિમિત્તે ફિલ્મ હસ્તીઓ હેલન-જીતેન્દ્ર, અમજદઅલીખાં મહેમાન બનશે.
- મહેસાણામાં ઓએનજીસીના ડેપ્યુટી જનરલ મેનેજરની આત્મહત્યા.
- દસ્તાવેજો વધતાં સબરજિસ્ટ્રારની કચેરીનો સમય એક કલાક સમગ્ર ગુજરાતમાં વધારાયો.
- પ્રતિબંધો કરતાં ફિલ્મની નવી શ્રેણીઓ બનાવવી જોઈએ-શાહરૂખખાન.
- ખાદીને કોઈ બ્રાન્ડ સાથે નહીં જોડાય-કેન્દ્ર સરકાર.
- અરૂણાચલપ્રદેશમાં સ્વાઈન ફ્લ્યુ સામે રેડ એલર્ટ જાહેર કરાયું.
- અમેરિકન નાગરિકોને પાકિસ્તાનની મુસાફરી ન કરવા અમેરિકન સરકારનું સુચન.
- બ્રિટનની સેંકડો યુવતીઓને સીરીયામાં ત્રાસવાદીઓ સાથે લગ્ન કરવાની ઓફર.